# વિનિયોગ સમાચાર

પોષ સુદ ૧૪ વિ.સં.૨૦૭૦-તા.૧૫-૦૧-૨૦૧૪ - વર્ષ ૧૨ : અંકઃ ૨ - વાર્ષિક લવાજમ રૂ.૧૦૧/-, છૂટક નકલ રૂ.૪.૫૦/-

## લગ્ન સંસ્કાર

ગર્ભધારણથી માંડીને મરણ સુધીમાં ભારતીય આર્ય બાળક જે સોળ સંસ્કારોમાંથી પસાર થાય છે તેમાંનો લગ્ન સંસ્કાર સામાન્ય રીતે ખાસ ધ્યાન ખેંચે તેવો છે.

ભારતીય ગામડાંના સ્વાશ્રયી, સ્વાવલંબી, સુવ્યવસ્થિત, સંસ્કારી, સુખી, પવિત્ર, સભ્ય, નાગરિકતાયુકત, વ્યકિતગત, કૌટુંબિક અને સામૂહિક જીવન વિષેની રચનાના અનેક પ્રસંગોમાં લગ્નપ્રસંગ વિષે આપણે અત્રે વિચાર કરીએ છીએ.

એ પ્રસંગમાં સગપણ, ચાંદલા, કન્યા તરફના પ્રતીકરૂપ શ્રીફળ લઈ જવું, વસંત ચડાવવું, જાન લઈ જવી, તેનાં સામૈયાં, માંડવારોપણ, માયરું (માતૃગૃહ), ચોરીમાં ફેરા, સપ્તપદી, લગ્ન, જાન જમણ, પંચોળું, ફટાણાંનો હાસ્યરસ, જાનને વિદાય, શીખ, સ્વ ગામમાં સામૈયું, પોંખણાં, ગૃહપ્રવેશ, વર-વધૂ રમત વગેરે પ્રસંગોને લગતી પ્રવૃત્તિઓમાંથી વર-કન્યાને, વર-વધૂને, પતિ-પત્નીને યથાયોગ્ય રીતે પસાર થવાનું હોય છે. એ દરેક ક્રિયા તેઓના માનસને જીવનભરના દાંપત્યના ઘડતર તરફ દોરવતી હોય છે. તેનાં ભાવો, રહસ્યો, કર્તવ્યો, જવાબદારીઓ વગેરેથી પરિચિત કરતી હોય છે. એ બધું અગમ્ય રીતે થતું હોય છે. ઍરોપ્લેનનું રમકડું બાળકને ઍરોપ્લેન વિષે કંઈક પણ બોધ-જ્ઞાન-અનુભવ આપી જ જતું હોય છે તેમ અહીં પણ સમજવાનું છે.

સ્ત્રી-પુરુષ ભેગાં મળી ગયાં તે લગ્ન એમ નહીં. તેની સાથે ઘણી જવાબદારીઓ, જોખમદારીઓ, ફરજો, લાયકાતો, કર્તવ્યો, સભ્યતાઓ, ધાર્મિક હેતુઓ, સામાજિક હેતુઓ, ભાવિ જીવનના હેતુઓ જોડાયેલા હોય છે.

લગ્ન એ જીવનમાં આવતો મોટો પલટો છે, મોટું પરિવર્તન છે, પરંતુ તે એકદમ 'હાઉ' રૂપ બનતો નથી. કેમ કે તે પલટાનાં પગથિયાં ક્રમસર વિધિપૂર્વક ચડાવાતાં હોવાથી પલટો સહજ બનતો જાય છે. લગ્ન એ ધમાલ નથી, પરંતુ જીવન યુનિવર્સિટીના અભ્યાસની પરીક્ષાનું એક સત્ર હોય છે. મનમાં પ્રફુલ્લતા, ઉલ્લાસ જાગતાં હોય છે. વિધિ-નિષેધોનું જ્ઞાન પણ સાથે જ હોય છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિ, સમાજશાસ્ત્રની દૃષ્ટિ, કામશાસ્ત્રની દૃષ્ટિ, ધર્મશાસ્ત્રની દૃષ્ટિ, આધ્યાત્મિક શાસ્ત્રની દૃષ્ટિ વગેરે અનેક દૃષ્ટિઓનું તેમાં મિશ્રણ થયેલું હોય છે. અનેકનો તેમાં સુમેળ હોય છે. તે દરેકના નિયમો-ઉપનિયમો ગૂંથાતા જતા જણાતા હોય છે. કેમ જાણ્યે કે જરૂરી બાબતોની રજિસ્ટરી થતી જતી હોય.

માંડવારોપણમાં દેવ- દેવીઓના આહ્‌વાનપૂર્વક લગ્ન માટેનું એક જાહેર ધર્મમંદિર બનતું હોય છે. ખ્રિસ્તીઓ ચર્ચમાં જઈ ધર્મગુરુ પાસે લગ્નની પ્રતિજ્ઞાઓ લે છે. દરેક પ્રજા માટે મંદિર મળે કે ન મળે. વળી, ત્યાગી ધર્મગુરુઓ આવી સાંસારિક પ્રતિજ્ઞાઓ લેવડાવવામાં સહકારી બને કે ન બને તેથી બ્રાહ્મણો વગેરે નિયત થયેલા ગૃહસ્થ ગુરુઓ દ્વારા ઘરે ઘરે આ જાતનું ધર્મમંદિર ઉપસ્થિત કરી લેવાતું હોય છે, જેની નીચે જ લગ્નની મહત્ત્વની તમામ ક્રિયાઓ કરવી પડે.

નવું ઘર માંડનાર, નવો સંસાર માંડનાર સ્ત્રી-પુરુષને આર્થિક સ્થિતિ મુજબ સાધનસામગ્રી જોઈએ. તે તેઓને કરિયાવર-દહેજ કે દાયજા મારફત મળી રહે. એ દ્વારા કન્યાને પોતાનાં માતા-પિતાના વારસામાંથી ઇચ્છાપૂર્વક અપાયેલો યોગ્ય ભાગ એવી રીતે મળી રહે છે કે જેથી ભાઈઓને ધંધા—રોજગાર માટેની મૂડી અંગે હરકત ન આવે.

કોઈ શૂરવીર પુરુષ દેશાવરમાં જઈ ચડે અને સજાતીય કન્યા સાથે માતા-પિતાની સમ્મતિથી લગ્ન થાય, પરંતુ દેશાવરમાં તે બન્ને ઘર શી રીતે માંડી શકે ? ત્યારે કન્યાને દહેજ- કરિયાવર મળ્યાં હોય એટલે તેનાથી જીવનની જરૂરિયાતનાં સાધનો પ્રથમ તો એ રીતે મળી રહે અને ઘર ચાલે. સૂવા માટે પલંગ, ગાદલાં, ગોદડાં, વસ્ત્રાદિ ભરવા માટે પેટી- પટારા મળી જાય. ઉપરાંત દાગીના, ઘરેણાં, ગાય, ભેંસ, દાસ, દાસી વગેરે મા-બાપની શક્તિ મુજબ મળી જાય. શું આ સ્ત્રી માટેનું ઓછું સન્માન છે ?

સ્વાશ્રયી પ્રજા કદી બીજાની ચીજ લેવાની ઇચ્છા પણ ન કરે, પરંતુ સંતપુરુષોએ ઠરાવી આપેલા આ રિવાજ પ્રમાણે લેવામાં કાયદેસર-યોગ્ય ગણાય.

આ જરૂરી બાબત ઉપર હાલમાં કાયદાથી પ્રતિબંધ લગાવ્યો છે પરંતુ સત્કાર-સમારંભના નવ વિધિ દ્વારા ભેટ-સોગાદ આપવાનું ખુલ્લું રાખવું પડેલું છે. ભેટ-સોગાદમાં ગમે તે અપાતું હોય છે ત્યારે દહેજપ્રથામાં જીવનમાં જરૂરી વસ્તુ સપ્રમાણ વ્યવસ્થિત અપાતી હોય છે.

# વિનિયોગ સમાચાર

ભારતમાં વિદેશીઓનું શોષણ વધ્યું તેથી દહેજની પ્રથા સજ્જન લોકોને ભારે પડવા માંડી. ખરો દોષ પ્રથાનો નથી પણ શોષણનો છે, છતાં અતિશયોક્તિ કરી તે પ્રથાને નિંદી નાખી છે, ભારતની એક એક પરંપરાગત પ્રવૃત્તિને બંધ કરાવી દેવાનું વિદેશીઓનું લક્ષ્ય છે, તેથી તેને જાહેરમાં ઉતારી પડાતી હોય છે અને પછી કાયદા દ્વારા તેના ઉપર અંકુશ લાવી તેને નિર્મૂળ કરાતી હોય છે. તેના માટે તો રાષ્ટ્રવાદ, સમાજવાદ, સામ્યવાદ, સર્વોદયવાદ અને કૃત્રિમ વિશ્વશાંતિવાદ શરૂ કરાયા છે. તે બધાનું મુખ્ય કામ જ એ કે ભારતીય સંસ્કારોની ક્રમિક નિર્મૂળતા કરવી.

લગ્નમાં ખર્ચ થાય છે, પરંતુ તે ભારે પડતો નથી. કેમ કે ગામડાંના દરેક લોકોની સહાનુભૂતિથી તે થાય છે તથા બીજા દરેક ધંધાદારીઓને તે વખતે પોષણ મળતું હોય છે. લગ્નવાળાના ઘરમાં તમામ ખર્ચરૂપે થતું બીજા લોકોના ધંધાની કમાણીરૂપે થઈ ધન ગામમાં જ રહેતું હોય છે. એ તેમાં અજબ ખૂબી છે.

અર્થશાસ્ત્રની દૃષ્ટિથી વિચાર કરવાથી આનું રહસ્ય ચમત્કારિક જણાશે. માત્ર વિદેશીય આદર્શનું શિક્ષણ આપનારી નિશાળોમાં ભણેલા સુધારક બંધુઓને એકદેશીય જ્ઞાન હોવાથી તેઓ તેની પાછળ થતા ખર્ચની જાહેરમાં નિંદા કરશે.

મિ. ફાર્બસ જેવાએ ભારતમાં આવીને નાતના જમણવાર- લગ્નના ખર્ચને ખોટા ખર્ચા તરીકે ગણાવ્યા. તેમાં તે પ્રજાની સ્વાર્થી બુદ્ધિ સિવાય બીજું શું હતું? ભણેલાઓ તેમની વાતથી ઠગાઈ ગયા અને તેઓ પણ એ જ પોપટપાઠ રટવા લાગ્યા.

આજે વિદેશીય જીવનધોરણો તથા વિદેશીય ચીજોનો વપરાશ પ્રજાના જીવનમાં ઘાલી દઈ કેટલા ખર્ચ વધારી દીધા છે? તેની કલ્પના કરવાથી પણ મગજ કામ કરે તેમ નથી.

સુથાર, દરજી, સોની, કુંભાર, ઢોલી, બ્રાહ્મણ, વેપારી, રંગારા, ભાવસાર, લુહાર, માળી, મણિયારા, કાછીઆ, ભાંડ, ભવાયા, કણબી, ભરવાડ, ગાડાવાળા, ચોકિયાત, બાવા, શેઠ, શાહુકાર, હજામ વગેરેને કંઈ ને કંઈ રીતે એ ખર્ચમાંથી મળતું જ હતું. દરેકનો કોઈ ને કોઈ રીતે ઉપયોગ થતો જ હોય છે. દરેકનો સત્કાર થતો હોય છે. (ક્રમશઃ)

સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

(સાભાર : હિતમિત, તા.૧૧-૨-૧૯૭૫, ૧૧-૩-૭૫)

## દેવનાર કતલખાનું પ્રદૂષણ બહેકાવે છે

અહિંસા અને જીવદયામાં વિશ્વાસ રાખનારા માટે સારો સમય આવી રહ્યો છે. મુંબઈના દેવનાર કતલખાના સામે અદાલતી કાર્યવાહીમાં ૬ જાન્યુઆરી, ૨૦૧૪ એક મહત્ત્વનો દિવસ પુરવાર થશે. નિકાસ માટે ઘેટાં-બકરાંની કતલ થઈ રહી છે તેમાં દૈનિક ૬ હજાર અબોલ જીવ દેવનારમાં કતલ થાય છે આવું પાપ વર્ષોથી ચાલી રહ્યું છે, આવી ગેરકાયદે પ્રવૃત્તિ માટે કોની પ્રેરણા અને બળ કામ કરી રહ્યાં છે.

આવી ગેરકાયદે પ્રવૃત્તિ માટે કોની જવાબદારી ગણવી? મુંબઈ મહાનગરની જનતા સારી રીતે જાણે છે કે ૧૯૭૧-૭૨માં મુંબઈના બાંદરા ખાતેથી કતલખાનું દેવનાર ખાતે ખસેડવામાં આવ્યું. જોકે, તે વખતે કસાઈઓ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તે વખતે આધુનિકરણ સાથે યાંત્રિક કતલખાનાની વાત થઈ હતી. દેવનાર કતલખાનાનો ઉદ્દેશ્ય માત્ર મુંબઈના નાગરિકોની ભોજન વ્યવસ્થા માટે હતો, પરંતુ આ કતલખાનામાં વિદેશ માટે પણ કતલ કરવામાં આવે છે.

૪૩ વર્ષથી દૈનિક ૬૦૦૦ પશુની કતલ થઈ રહી છે. આ માંસની નિકાસ કરવામાં આવે છે. જો વિદેશી મુદ્રાની કિંમત કરવામાં આવે તો દૈનિક ૧ કરોડ ૨૦ લાખ રૂપિયાના માંસની નિકાસ કરવામાં આવે છે, પરંતુ આવી અનિયમિતતાનો ભાંડો કઈ રીતે ફૂટ્યો? માંસની નિકાસ માટે કતલ કરવા એગ્રીકલ્ચરલ ઍન્ડ પ્રોસેસ્ડ પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી 'અપીડા' ખાતે રજિસ્ટ્રેશન જરૂરી છે. 'અપીડા' સરકારની સંસ્થા છે, પરંતુ આ રજિસ્ટ્રેશન ૪ જૂન, ૨૦૧૩ના પૂરું થયું છે તેવી જાણકારી સમાચાર પત્રોમાં પ્રકાશિત થઈ છે. મુંબઈની જીવદયા ક્ષેત્રે સક્રિય સંસ્થા વિનિયોગ પરિવારે અહિંસા અને જીવદયા ક્ષેત્રે ઘણું કાર્ય કર્યું છે. તેઓ કઈ રીતે ચૂપ બેસી શકે? તેમણે ૨૮ મે, ૨૦૧૩ના રોજ મુંબઈ ઉચ્ચતમ ન્યાયાલય મારફતે પ્રાણી કલ્યાણ કાનૂનના સંરક્ષણ હિતાર્થે ઉચ્ચ સ્તરીય સમિતિનું ધ્યાન દોર્યું છે.

તેના અધ્યક્ષ તરીકે નિવૃત્ત ન્યાયમૂર્તિ ચંદ્રશેખર ધર્માધિકારી હતા. તેમણે ૨૮ મે,

૨૦૧૩ના પત્ર લખીને 'અપીડા'ને રજિસ્ટ્રેશન રિન્યુ નહીં કરવા જણાવ્યું હતું, પરંતુ 'અપીડા'એ તેના પર ધ્યાન આપ્યું નહોતું. પ્રજાનાં સ્વાસ્થ્ય અને આરોગ્યની જવાબદારી સરકારની છે. રાજ્યમાં પ્રદૂષણ બોર્ડ છે. તેના દ્વારા કતલખાનાનો કચરો, પ્રદૂષણ, પાણી, હવા પર થતી અસર પર ધ્યાન રાખવાનું હોય છે. એટલું જ નહીં, તેમની બાબતો પર નજર રાખવાનું હોય છે.

આશ્ચર્યની વાત એ છે કે મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા દેવનાર કતલખાનાને આપવામાં આવેલી માન્યતા ઑક્ટોબર, ૨૦૧૨માં પૂરી થઈ ગઈ છે. છતાં કોઈ જ કાનૂની કાર્યવાહી વગર જ તેને ૩૧ ઑક્ટોબર, ૨૦૧૫ સુધી રિન્યૂ કરી આપવામાં આવી છે. જે સમજૂતી છે તે અનુસાર શરતો પૂર્ણ કરવા રૂ.૫-૫ લાખની બૅન્ક ગેરન્ટી માટે સમયમર્યાદા નિશ્ચિત કરવામાં આવી છે.

આ બધા કારણથી અપીડાએ માંસ નિકાસ માટે દેવનાર કતલખાનાના આધુનિકરણ માટે ૨૩, જુલાઈ ૨૦૧૩ નિર્ધારિત કરી હતી. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંમતિપત્રની નકલ મળતાં જ અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ જેની સ્થાપના મહાત્મા ગાંધીએ ૧૯૩૦માં કરી હતી તેમણે ૧૪ ઑગસ્ટ, ૨૦૧૩ના નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ કે જેના અધ્યક્ષ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ રહી ચૂકેલા સ્વતંત્ર કુમાર છે. તેમને પણ પત્ર લખીને સઘળી જાણ કરવામાં આવી હતી.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના પશ્ચિમ ક્ષેત્રના પુણેસ્થિત ઝોનને આવેદનપત્ર આપવામાં આવ્યું તે અનુસાર ૨૧ નવેમ્બર, ૨૦૧૩ના ટ્રિબ્યુનલ દ્વારા પોતાનો નિર્ણય આપવામાં આવ્યો હતો તે પ્રમાણે અપીડાને દેવનાર કતલખાનાને માંસ નિકાસ કરવાનું લાઇસન્સ ૧ જાન્યુઆરી, ૨૦૧૪થી સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઉપરાંત પ્રદૂષણ બોર્ડના ત્રણ ઉચ્ચ અધિકારીની એક સમિતિ દેવનારના પ્રદૂષણ અને તેનાં પરિણામોની તપાસ માટે નીમવામાં આવી હતી.

જો પ્રદૂષણ અટકે નહિ તો પછી દેવનાર કતલખાનાને મુંબઈની બહાર ધકેલી દેવા બાબતે પણ ચેતવણી આપવામાં આવી હતી. અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘે પોતાની યાચિકામાં આ સંપૂર્ણ ઘટનાક્રમ પર અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા. પ્રદૂષણ બોર્ડ દ્વારા પોતાના સ્વીકૃતિ પત્રમાં જે પાંચ શરતો હતી તે બાબતે પાંચ અલગ અલગ બૅન્કની ગેરન્ટી માટેની શરતનો ઉલ્લેખ કર્યો હતો.

જો તે શરતો પૂર્ણ ન થાય તો પછી બૅન્ક ગેરન્ટીના પૈસા ચૂકવવાની નોબત આવી જાય. હવે પ્રશ્ન એ છે કે તે પૈસા કોના હશે ? સરકારી તિજોરીમાં જે નાણાં આવે છે તે પ્રજાનાં છે. એક વિભાગમાંથી તે નાણાં બીજા વિભાગમાં જાય છે. જે શરતો છે તેની જવાબદારી સરકારી અધિકારીઓની હોવી જોઈએ. હવે ૬ જાન્યુઆરી, ૨૦૧૪થી ઉચ્ચતમ ન્યાયાલયની ફોરેસ્ટ બેન્ચ દ્વારા આ બાબતે વિચારણા કરવામાં આવશે.

આ બાબતે ઑલ ઇન્ડિયા મીટ ઍન્ડ લાઇવ સ્ટૉક એક્સપોર્ટર ઍસોસિયેશન દ્વારા અપીલ કરવામાં આવી છે. તેઓનો તર્ક અલગ છે. તેમનું કહેવાનું છે કે નિકાસ પર પ્રતિબંધ ઉચિત નથી. આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને તેથી મુશ્કેલી પડશે. કસાઈઓની આ શક્તિશાળી લૉબી સામે મુંબઈસ્થિત અખિલ ભારતીય કૃષિ ગોસેવા સંઘે તમામ પાસાઓને આવરી લઈને પોતાની રજૂઆતની તૈયારી કરી છે.

હવે દડો ન્યાયતંત્રના આંગણામાં છે. જાગૃત લોકો જેઓ અહિંસામાં વિશ્વાસ ધરાવે છે તેઓ અપેક્ષા રાખે છે કે ન્યાયતંત્ર આ બાબતે વિસ્તૃત જાણકારી સાથે કીમતી પશુધનને બચાવવા પહેલ કરે. દેવનાર કતલખાનાની અનિયમિતતા અને કાર્યપ્રણાલીથી સૌથી વધુ અસર કસાઈઓને થાય છે. આથી કસાઈઓએ ન્યાયતંત્રનો દરવાજો ખખડાવ્યો છે. માત્ર દેવનાર જ નહિ, પરંતુ દરેક કતલખાનાને ઘણી બાબતો લાગુ પડે છે.

નાનાં પશુ, બકરાં, ઘેટાં કે પછી ભેંસ તેમને માટે તો ડૉલર, પાઉન્ડ, રિયાલથી કમ નથી. ભારતમાં માંસનો વેપાર, હાડકાં, ચામડાં વેચીને કમાણી કરનારા ઘણા છે. આવી કમાણી ચાલુ રાખવા તેઓ કંઈ પણ કરવા તૈયાર છે, પરંતુ સમાજનો એક જાગૃત વર્ગ બંધારણના માળખામાં રહીને પશુ અત્યાચાર સામે અવાજ ઉઠાવે છે.

ઘણી અનિયમિતતા સામે આવી છે. વિદ્વાન ન્યાયમૂર્તિએ હવે આ રાષ્ટ્રીય ચર્ચા ધરાવતા મુદ્દામાં યોગ્ય નિર્ણય કરી મહાપાલિકામાં પણ દેવનાર અંગે વિસ્તૃત ચર્ચા અનિવાર્ય છે.

- મુઝફ્ફર હુસેન

(સાભાર : મુંબઈ સમાચાર, તા.૦૬-૦૧-૨૦૧૪)

# વિનિયોગ સમાચાર

## જૂના વર્તમાન પત્રના સંગ્રહમાંથી

## પ્રજા : તારા હક્કનું આ જાહેરનામું

જ્યારે હિંદને અત્યારનું કહેવાતું સ્વરાજ્ય આપવાની પ્રાથમિક વાટાઘાટ કરવા સર સ્ટ્રેફર્ડ ક્રિપ્સનું કમિશન દિલ્હીમાં આપણા દેશના નેતાઓ સાથે વાટાઘાટ કરતું હતું તે વખતે એટલે સને ૧૯૪૬ની સાલમાં આ પત્રના મુખ્ય લેખક પંડિત પ્રભુદાસજીએ 'સોનેરી પિંજર' નામની એક પત્રિકામાં આ સ્વરાજ્ય સ્વીકારવાથી ભાવિમાં આપણા કેવા હાલ થવાના છે તે સ્પષ્ટ જણાવેલ છે.

હજુ આપણને આજનું સ્વરાજ્ય નહોતું મળેલું તે પહેલાં કરવામાં આવેલી આ આગાહી અત્યારના ૧૯૫૧ની અધવચના સમય સાથે બરાબર સરખાવો અને સ્પષ્ટ જણાઈ આવશે જે આગાહી કેટલે દરજ્જે સાચી ઠરી છે.

૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે યુનિયન જેકને ઉતારી હિંદનો રાષ્ટ્રીય વાવટો ચડાવવામાં આવ્યો ત્યારે આપણે હિંદવાસીઓ જેટલા ખુશી થયા હતા તેટલા જ બલકે તેથી વિશેષ અંગ્રેજી મુત્સદ્દીઓ ખુશી થતા હતા.

આપણે આજ સુધી કહેતા આવ્યા છીએ જે આપણી લડત આપણા ભોગે અને તપસ્વીની મહાન તપશ્ચર્યાએ આપણે અંગ્રેજોને હાંકી કાઢ્યા છે. એક વર્ષના નાનામાં જ નાના સમયમાં આપણે કહેવાની સ્થિતિમાં મુકાઈ ગયા કે અંગ્રેજી તંત્રનું આંધળું અનુકરણ કરવા સિવાય આપણે કશું કરતા નથી અને ચાર વર્ષ માંડ પૂરાં થાય છે ત્યાં આપણે અત્યારે કઈ સ્થિતિમાં છીએ તેનું સરવૈયું કાઢવામાં કશો માલ દેખાય છે?

૧. આજની આપણી ધાન્ય સ્થિતિ પરદેશી કરજો કરી જેમ તેમ આપણે જીવવા પૂરતો અન્નનો કોળિયો ભારતની પ્રજાના મુખે આપી શકીએ છીએ. તેની વહીવટી વ્યવસ્થા ગમે તેટલી ખામી ભરેલી લાગે તોપણ તે ચલાવી લેવી પડે છે.

૨. કાપડ-સ્વદેશી કાપડ અને તેમાં પણ શુદ્ધ ખાદી વાપરવાના આંદોલનોએ પરદેશી કાપડની આયાત લગભગ થંભાવી નાખી હતી. આજે એક્સ્ચેઇંજ વી. ઇંદ્રજાળની આપણી ફસામણને પરિણામે કરોડો રૂપિયાનું વિલાયતી કાપડ મગાવવામાં આ જ કૉંગ્રેસ, કે જે ગઈકાલે વિલાયતી કાપડની હોળી કરી રહી હતી, તેના જ સહકારથી દેશમાં લાવી શકાયું છે.

૩. આજે ભલે એ હકીકત ગળે ન ઊતરે, પણ અનુભવ જરૂર કહેશે જે 'દારૂબંધી' તે વિલાયતી દારૂ વિશેષ ખપાવવાના એક સાધનરૂપ થવાનો છે.

૪. આજે પ્રજા પર કરનું ભારણ કેટલું વધ્યું છે?

૫. તંત્ર ખરચો કેટલો વધ્યો છે?

૬. પરદેશી કરજ કેટલું થયું છે?

૭. વેપાર વણજ કેટલો વીખાઈ ગયો છે?

૮. જમીનનો પલટો અને જમીન સુધારણા પાછળની કરોડોની યોજનાનો લાભ ગોરી પ્રજા સિવાય કોણ લેવાનું છે? અને તે માટે આપણે એના વતી બધી તૈયારી નથી કરી રહ્યા?

૯. હિંદના કરોડો રૂપિયા ખવાઈ-ચવાઈ અગર વેડફાઈ ગયા. તે પર ઢાંકપીછોડા કરવા મહાત્માજીની ગાદી દબાવીને બેસનાર-વારસદારનો હક્ક ભોગવનાર પણ અચકાતા નથી.

૧૦. અને છેવટ ધર્મ અને સાંસારિક પ્રશ્નોમાં દખલગીરી કરી હિંદની સંસ્કૃતિના એક પ્રતીક તરીકે અબાધિત રહેલ અને અંગ્રેજો તેના ૧૫૦ વર્ષના શાસનકાળમાં જે કરી ન શક્યા તેવા આ પ્રશ્નોમાં સરકારી દખલગીરી કરી હિંદને યુરોપ ઢબે લઈ જવા અને તે રીતે તૈયાર કરવા આપણે પોતે કેવા હાથા બની રહ્યા છીએ!

આ પ્રશ્નો જરૂર આજની પ્રજા આજના તંત્રને અને આજની કૉંગ્રેસને પૂછી શકે છે. પ્રજાનો એ હક્ક છે, અને એ પૂછવાનો આજે અવસર નજીક આવી રહ્યો છે. જ્યારે ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે મત મેળવવા આવનાર પોતે હોય કે તેના વતી કોઈ આવેલ હોય એની પાસેથી ઉપરના સવાલોનો બરાબર જવાબ માગવાનો દરેક પ્રજાનો હક્ક છે. એ હક્ક ભોગવવામાં સ્વાર્થની કોઈ ખીલી આડી આવતી હોય તો વાત જુદી છે, પણ પ્રજાના મોટા ભાગને કશી લેવા દેવા નથી એટલે અમે એ જ પ્રજાને પુકારી પુકારી કહેવા માગીએ છીએ જે આજની સરકાર અને તમારે ત્યાંની કૉંગ્રેસને આ પ્રશ્નોના જવાબ આપવાની ફરજ જરૂર પાડશો.

('દિવ્ય પ્રકાશ' વર્ષ ૧લું અંક ૯, તા.૨૦-૮-૫૧)

## સાચી સત્તા લોકોની !

જસપરા, મીઠી વીરડીની તા.૪થી માર્ચની રાત ટૂંકી જ રહી. પર્યાવરણીય જાહેર સુનાવણી અંગેની વ્યૂહરચનાની મિટિંગ મોડી રાત સુધી ચાલી, જેમાં ગામોના સરપંચો, આગેવાનો તેમ જ મદદ માટે આવેલા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમ જ મહેમાનો હાજર હતા. મીઠી વીરડી, જસપરા, માંડવા, ખદરપરા, પાણિયાળી... વગેરે ગામોમાં પણ લોકોનાં મનમાં એક અનન્ય અજંપો હતો.

તા.૫-૩-૨૦૧૩ના રોજ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મીઠી વીરડી સૂચિત અણુમથક બાંધવા માટેની પર્યાવરણીય જાહેર સુનાવણી (EPH) નવાગામ (નાના) પાસે રાખવામાં આવી હતી. સવારના આઠ વાગ્યાથી આજુબાજુનાં ગામોમાંથી ટ્રેક્ટરો, ટેમ્પાઓ અને મોટરસાઇકલોમાં સૂત્રો ઉચ્ચારતા, ગીતો ગાતા લોકો નીકળી રહ્યા હતા. સુનાવણી નવાગામથી દૂર (જ્યાં જાહેર વાહનો જાય નહીં, પહોંચવા માટે પોતાનું જ વાહન હોવું જોઈએ) રાખવામાં આવી હતી. આજે આ બધાં ગામોમાં ‘બંધ’ જાહેર કરવામાં આવ્યો હતો. બજાર બંધ, હીરા ઘસવાના શેડ બંધ, ખેતીનાં કામો બંધ. સૌએ આ જાહેર સુનાવણીમાં હાજરી આપવાની એવું બધાં ગામોએ સર્વાનુમતે ઠરાવ્યું હતું.

નિયમ પ્રમાણે પર્યાવરણીય જાહેર સુનાવણી કરતાં પહેલાં જે- તે પ્રોજેક્ટને લગતા પર્યાવરણીય અસરોનો અભ્યાસ કરતો અહેવાલ (EIA) કંપનીએ તૈયાર કરીને જાહેર જનતા સમક્ષ મૂકવાનો હોય છે. તે પ્રમાણે NPCIL એ આવો અહેવાલ એન્જિનિયર્સ ઇન્ડિયા લિમિટેડ (EIL) નામની કંપની પાસે બનાવડાવ્યો હતો. EIL એ મસમોટો ૯૦૦ પાનાંનો આ અહેવાલ તો તૈયાર કર્યો, પરંતુ તેમની પોતાની જ કબૂલાત મુજબ તેમની પાસે અણુ વીજમથકોના અભ્યાસ માટેનું લાઇસન્સ (accreditation) નથી. આ ઉપરાંત આ અહેવાલ તૈયાર કરવા માટે પર્યાવરણ મંત્રાલય દ્વારા જે મુદ્દાઓ (ટર્મ્સ ઑફ રેફરન્સ - TOR) આપવામાં આવેલ હતા તે પ્રમાણેનો સંપૂર્ણ અને વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો નથી. આથી આ EIA અધૂરો કહેવાય.

આ ઉપરાંત ઉપરોક્ત EIA માં માત્ર ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં આવતાં ૨૪ ગામોને જ અસરગ્રસ્ત ગણવામાં આવ્યાં છે. હકીકતમાં TOR પ્રમાણે એન્જિનિયર્સ ઇન્ડિયા લિમિટેડ ૧૦ થી ૩૦ કિ.મી.ની ત્રિજ્યામાં આવતાં ૧૨૮ ગામોનો પણ અભ્યાસ કરવો જોઈતો હતો તે એમણે કર્યો નથી.

આ બધા મુદ્દાઓને જોતાં આ EIA રદ થવાને પાત્ર છે. એટલું જ નહીં, આવા EIA સાથે જનસુનાવણી કરવી એ ગેરબંધારણીય છે. આ બધા મુદ્દાઓ પર્યાવરણ સુરક્ષા સમિતિ દ્વારા ભાવનગર જિલ્લાના કલેક્ટરશ્રી, જે આ પર્યાવરણીય જાહેર સુનાવણીના અધ્યક્ષ હતા તેમના ધ્યાન પર લાવવામાં આવેલ હતા. એ ઉપરાંત ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય તેમ જ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને પણ આ જાણકારી આપીને આવા અધૂરા EIA સાથે આ જાહેર સુનાવણી કરવી ગેરબંધારણીય છે એવું ધ્યાન પણ પાંચ પત્રો લખીને જુદા જુદા સમયે કર્યું હતું. આમ છતાં આ અંગે છેલ્લા દિવસ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહીં.

ચિંતાનો વિષય એ છે કે આ કંઈ માત્ર ૨૪ ગામો કે ૧૨૮ ગામોનો સવાલ નથી. અણુ વીજમથક એટલું જોખમી છે કે તેનો વિચાર ગંભીરતાપૂર્વક થવો જોઈએ. આ ૩૦ કિ.મી.ની ત્રિજ્યામાં તળાજા, ઘોઘા જેવાં નાનાં શહેરો, અલંગ જહાજવાડો તેમ જ તદ્દન સરહદે આવેલ ૮ લાખની વસ્તીવાળા ભાવનગર શહેર અંગે EIA માં કોઈ નોંધ લેવામાં આવી નથી. તળાજા, ઘોઘા, ભાવનગર અને શિહોર તાલુકાનાં આ ગામો (૨૪ + ૧૨૮ = ૧૫૨) ને અસર થવાની હોય ત્યારે આપત્કાળની સ્થિતિ વખતે કાયદા અને વ્યવસ્થાની દૃષ્ટિએ તેમ જ સલામતીની દૃષ્ટિએ આ ચારેય તાલુકાના સંબંધિત અધિકારીઓને માહિતગાર તેમ જ સાવધાન કરવા જરૂરી બને છે.

બીજી ગંભીર બાબત એ છે કે અણુ વીજમથકની આજુબાજુમાં અલંગસોસીયા જહાજવાડાનું હોવું એ અત્યંત જોખમી છે, કારણ કે ત્યાં હોડીઓ તોડવા માટે જે કામકાજ ચાલે છે તે પોતે પણ અત્યંત જોખમકારક છે.

અણુમથકમાં ઠંડક (Cooling) કરવા માટે દરિયામાંથી દરરોજનું ૪,૩૩,૨૦ મિલિયન લિટર જેટલું પાણી લાવવા માટે દરિયાના કાંઠાથી અણુમથક સુધી મોટી ખાડી બનાવવા માટે ૩૦ લાખ ઘનમીટર જેટલું ખોદાણ કરવાનું જણાવેલ છે. આ ખોદાણ થતાં ખેતીવાડી તેમ જ પર્યાવરણને ખૂબ જ નુકસાન થશે, કારણકે દરિયાકાંઠે કુદરતી રીતે જ

# વિનિયોગ સમાચાર

અહીં ભૂતડો (બેન્ટોનાઈટ)નું ઊભું અને ઊંડે સુધી જતું સખત પડ આવેલ છે, જેને લીધે આ વિસ્તારમાં દરિયાની ખારાશ જમીનમાં ઘૂસી શકી નથી. તેથી અહીં દરિયાકિનારે પણ મીઠું પાણી છે. અરે! તેથી જ આ વિસ્તાર 'મીઠી વીરડી'ને નામે ઓળખાય છે. હવે આ ઉપરોક્ત ખોદાણ થાય તો દરિયાની ખારાશ જમીન તરફ ઘૂસી જશે. આજુબાજુના બધા જ વિસ્તારોમાં આ ખારાશ વધશે અને ખેતીવાડી, ફળઝાડના બગીચાઓ, કૂવાઓ વગેરેનો વિનાશ થશે.

પ્રસ્તુત યોજનામાં અણુમથક બાંધવા માટે આશરે ૭૭૭ હે. (૮ ચો. કિ.મી.) જેટલી જમીન સંપાદન થનાર છે. આ જમીનમાં આજે ૧૬,૫૦૦ કેસર કેરીના આંબાનાં ઝાડ, ૪૦૦૦ ચીકુનાં ઝાડ તથા ૩૦૦૦ નાળિયેરી અને કાજુ વગેરે અન્ય ઝાડ આવેલાં છે. આ જમીનમાં ફળઝાડ ઉપરાંત ત્રણ સિઝનના પાકો લેવાય છે. વળી, આ બધી જ જમીન શેત્રુંજી મોટી સિંચાઈ યોજનાના કમાન્ડ વિસ્તારમાં પણ આવેલી છે. આમ, આટલી ફળદ્રુપ, સિંચાઈની વ્યવસ્થાવાળી જમીન અણુમથક માટે સંપાદિત કરીને ૩૪૦ જેટલા ખાતેદારો/ ખેડૂતો પોતાની સોના જેવી જમીનો ગુમાવી દેશે.

સુનાવણીના સ્થળ નવાગામની સીમમાં એક તરફ પોલીસ, સરકારી ગાડીઓનો મોટો કાફલો અને આંખને આંજી દે તેવો જબરદસ્ત મોટો સામિયાણો તાણેલો હતો, તો બીજી તરફ લોકોની દૃઢતાનાં દર્શન થતાં હતાં. સૌ પોતપોતાના ગામેથી ટ્રેક્ટરો, ટેમ્પાઓ અને મોટરસાઇકલોમાં કાળી પટ્ટી લગાડીને પોતાના વિરોધ-પ્રદર્શન માટે ભેળા થયા હતા. બહારથી આવનાર મહેમાનોમાં ૯૬ વર્ષના ચૂનીકાકા, દક્ષિણ ભારતથી આવેલા અણુમથકના જાણકાર અભ્યાસી એવા વી. ટી. પદ્મનાભન તથા ડૉ. પુગલ, ભાવનગર અણુ અભ્યાસ જૂથના મિત્રો, ઉત્થાન, પર્યાવરણ સુરક્ષા સમિતિ તેમ જ ગુજરાત લોકસમિતિના તેમ જ સમર્થન મહિલા પંચના કાર્યકરો પણ હાજર હતાં.

અગાઉથી નક્કી થયા પ્રમાણે કલેક્ટરશ્રીની રજૂઆત થયા બાદ દસ ગામના સરપંચો વતી જસપરાના સરપંચ શ્રી શક્તિસિંહ જનસુનાવણીમાં થઈ રહેલ કાયદાના ઉલ્લંઘન અંગે રજૂઆત કરવા ઊભા થયા. કલેક્ટરશ્રી દ્વારા તેમને આ રજૂઆત કરતા અટકાવ્યા ને કહ્યું કે કાયદા પ્રમાણે પહેલાં કંપનીની રજૂઆત સાંભળવી પડશે. લોકો કોઈ પણ હિસાબે આ અન્યાય સહન કરવા તૈયાર ન હતા. સરકાર (GPCB) પોતાનું વચન તોડી રહી હતી. લોકો સાથે જાહેર સુનાવણીમાં જ આવો વિશ્વાસઘાત! ઘડીના છઠ્ઠા ભાગમાં હાજર રહેલા ૪૫૦૦ લોકોએ તંબુ ખાલી કરી દીધો ને સરકારને પોતાની શક્તિ તેમ જ દૃઢનિર્ધારનો પરચો બતાવ્યો. તે પછી તો કલેક્ટરશ્રી તેમ જ જીપીસીબી તરફથી અનેક વિનંતિઓ લોકોને પાછા આવીને પ્રશ્નોત્તરીમાં જોડાવા માટે કરવામાં આવી, પરંતુ લોકો એકના બે ન થયા. તેમણે નક્કી કર્યું હતું કે તેઓ કદી પણ આવી ગેરકાયદેસર કાર્યવાહીમાં ભાગ લેશે નહીં. આખારે કલેક્ટરશ્રીને કંપનીની રજૂઆત પણ બંધ કરી દેવાની ફરજ પડી હતી! આમ લોકશક્તિ, ન્યાય અને સત્યના જોરે લોકોએ રાજ્યને બતાવી આપ્યું કે તમે ગમે તેટલો ભય દેખાડો, દેખાડો કરો, સત્તાનો રૂઆબ બતાવો, પણ છેવટની સત્તા તો અમારી જ છે! અમે તમારાં ખોટાં ભાષણો, ખોટા પ્રચારો સાંભળવા અહીં નથી આવ્યા! ગામના લોકો કહે છે, ''અમે બધા આ અહીં ભેગા થયા છીએ તે શું જમીન દેવા આવ્યા છીએ એમ માનો છો?''

સુનાવણીના સ્થળેથી બહાર નીકળીને બાજુના ખેતરમાં ભરતડકામાં સ્વયંભુ 'લોકસુનાવણી' થઈ. જેમાં આવેલા મહેમાનો, ગામેગામનાં ભાઈઓ-બહેનોએ પોતાની રજૂઆતો કરીને એક અવાજે પ્રતિજ્ઞા કરી કે અહીં બેઠેલા અમે સૌ પાકો નિર્ધાર કરીએ છીએ કે જાન જાય તો ભલે, અમારી 'મા'ને અમે વેચવાના નથી.

આ આખીય ઘટનામાં રાજ્યની લોકશાહી પ્રત્યેની નિષ્ઠા, લોકો, જેને માટે એ 'જવાબદાર' હોવું જોઈએ તે માટેની નિસબત અને દેશના કાયદાઓ પ્રત્યેની વફાદારીનો સદંતર અભાવ જોવા મળ્યો. દેશમાં અન્ય સ્થળોએ જોવા મળે છે તેણે તેમ અહીં પણ સરકારને ગમે તે ભોગે, ગમે તે રીતે ખૂબ ઉતાવળે તેણે ધારેલા કહેવાતા 'વિકાસ'ના પ્રોજેક્ટો પૂરા કરવા છે.

- ભૂપતભાઈ પારેખ
(અણુઊર્જા અભ્યાસજૂથ, ભાવનગર)
(સાભાર : ભૂમિપુત્ર, તા.૦૧-૦૪-૨૦૧૩)

**જૂના વર્તમાન પત્રના સંગ્રહમાંથી**

## ગાયનું નિકંદન નીકળતું જોઈ રહેલો - અદ્ભુત આંધળાઓનો દેશ

(ગતાંકથી ચાલુ)

અબુલફઝલ, આઈન-એ-અકબરીમાં લખે છે કે 'ગુજરાતની ગાયો રોજ ૬૪ શેર દૂધ આપે છે.' આજે એક ગાય પાંચ શેર આપે તો નવાઈ લાગે છે. પ્રખ્યાત ધારાશાસ્ત્રી શ્રી ઠાકુરદાસ ભાર્ગવ તેના પુસ્તક 'કાવ ઈન એગોની'માં લખે છે કે 'ગઈ સદીમાં રોજ મણ દૂધ આપનારી ગાયો તથા ભેંસોનો વંશ કતલખાનાંમાં નાશ પામી ચૂકયો છે.'

વાસુભાઈ જણાવે છે કે ભારતના ઇતિહાસમાં કોઈ સરકારે (મુસ્લિમ બાદશાહો સહિત) કતલનો ધંધો નથી કર્યો. આ અપયશ આપણી અહિંસાને વરેલી સરકારોના ફાળે જાય છે. (જનતા સરકારના નેતાઓએ સત્તાગ્રહણ કરતાં પહેલાં ગાંધીજીની સમાધિ પર જઈ તેમનાં સ્વપ્નો સાકાર કરવાના સોગંદ લીધા હતા.)

'જેમને ધર્મની દૃષ્ટિએ માંસાહારનો બાધ નથી એવા નવ કરોડ માનવીઓ (આ આંકડો લગભગ ૧૫ વર્ષ પહેલાંનો છે.) ભારતમાં છે. હિંદુ ધર્મ માંસાહારની છૂટ નથી આપતો છતાં આશરે ૨૦ કરોડ હિંદુઓ એવા હશે જેઓ માંસાહારના નિષેધને અવગણીને માંસાહાર કરવામાં વાંધો નથી ગણતા. આમ, ૨૯ કરોડ માંસાહાર તરફી પ્રજામાં રોજ કેટલા મનુષ્યો માંસ ખાય છે? માંસના ઉત્પાદન અને પશુહત્યાના આંકડા જોતાં એમ લાગે છે કે ભાગ્યે જ ૮૭ લાખ માણસોને માંસ ઉપલબ્ધ છે.

અર્થાત્ ગોહત્યા પ્રતિબંધ/ ધારો (કલમ ૪૮) જે બંધારણ દ્વારા પાસ થયો છે અને નહેરુ સરકારની કૂટનીતિના કારણે અભરાઈએ ચઢી ગયો છે તેના પર અમલ કરવો મુશ્કેલ નથી. કમ સે કમ હિંદુ ધર્મનો ઉદ્ધાર કરવા નીકળેલી ભાજપની સરકારો તો એમ કરી શકી હોત!

અફસોસ કે તેઓએ પણ એમ ન કર્યું. વિશેષમાં હિંદુઓ સહિત સમસ્ત દેશના લાભના આ મુદ્દા પરથી સફળતાપૂર્વક તેમણે પ્રજાનું સમગ્ર ધ્યાન રામજન્મભૂમિની સમસ્યા પર કેન્દ્રિત કર્યું. આથી નુકસાન માત્ર હિંદુઓનું જ નથી થયું, સમસ્ત પ્રજાનું થયું છે અને જ્યાં સુધી પશુધનની બેફામ કતલ થતી રહેશે, પ્રજા નુકસાન ભોગવતી રહેશે.

આપણું દરેક પશુ એ સરેરાશ બે હજાર રૂપિયાની મૂડી છે. બે હજાર રૂપિયામાંથી જેટલું વ્યાજ આપણે મેળવી શકીએ તેના કરતાં ઘણી વધારે આવક આપણે આ પશુઓ પાસેથી મેળવી શકીએ છીએ.

દા.ત. એક ગાય વર્ષે ૧૮૦૦ રૂપિયાનું દૂધ અને ૫૦૦ રૂપિયાનું બળતણ કે ખાતર છાણ દ્વારા આપે છે. બળદ ૧૮૦૦ રૂપિયાની મજૂરી અને ૫૦૦ રૂપિયાનું ખાતર આપે છે. આ પરથી વાચકોને એ પણ ખ્યાલ આવી ગયો હશે કે ગાય દૂધ આપવાનું બંધ કરે છતાં તે અનાર્થિક ક્યારેય નથી થતી અને આ જ ગેરસમજ દ્વારા આપણા પશુધનનું નિકંદન નીકળી રહ્યું છે.

'આપણે આપણાં ઘેટાંને પણ માંસ માટે કતલ કરવાને બદલે જો દૂધ અને ઊન માટે ઉછેરીએ તો ૪૫૦ કરોડ રૂપિયાનું ખાતર, આશરે ૪૦ કરોડ રૂપિયાનું ઊન અને ૫૦૦ કરોડ રૂપિયાનું દૂધ મેળવી શકીએ. તેને બદલે તેને માંસ માટે કતલ કરી ૨૭ કરોડ રૂપિયાનું ઊન આયાત કરીએ છીએ અને હજારો વણકર કુટુંબોને બેકાર રાખીએ છીએ.'

જ્યારે પણ નવું આધુનિકતમ કતલખાનું ખુલ્લું મુકાય છે, પ્રજાનો એક વર્ગ (ખાસ કરીને જૈન સંસ્થાનો) પોતાનો વિરોધ દર્શાવવાનો શક્ય તેટલો પ્રયાસ કરે છે અને સત્તાપક્ષ તેને એક જ ઉત્તર દે છે - આ તો ડેમોક્રેસી છે. કસાઈઓને રોજીરોટી મળે એનો પણ ખ્યાલ રાખવો પડે.

પ્રશ્ન આ છે કે આપણા દેશમાં કસાઈઓ કેટલા? આંગળાના વેઢે ગણી શકાય એટલા. ડેમોક્રેસીમાં ૯૯ ટકા લોકોની ઇચ્છા વિરુદ્ધ સુવર્ણ અંકુશ ધારો લાદી શકાય, ધંધો કરવાના લોકોના અધિકારને કચડી નાખીને ખાંડનાં કારખાનાંના પ્રદેશના ખેડૂતોને તેમની શેરડીમાંથી ગૉળ બનાવતા અટકાવી શકાય, પવિત્ર ધામોમાં કરોડો રૂપિયાના ખર્ચે માછલી મારવાના ખૂની ઉદ્યોગો વિકસાવી શકાય, પણ ગોવધ બંધ ન કરી શકાય.

'૧૯૫૧-'૫૨ થી ૧૯૫૫-'૫૬નાં વર્ષોમાં નહેરુ સરકારે વર્ષે સરેરાશ ૨૩ લાખથી વધુ વાછડાં પાંચ જ વર્ષમાં મારી નાખ્યાં, વર્ષે ૫૦ લાખની સરેરાશથી ગાયો કાપી નાખી અને ત્યાર પછી ગાયો તથા ઘેટાં-બકરાં કાપવાની પંચવર્ષીય યોજનાઓ તૈયાર કરી.'

ગાયોનાં નિકંદન દ્વારા દૂધનો દુકાળ પેદા થયો, એટલે પરદેશી ડેરીઓનાં દૂધના પાઉડર માટે બજારનાં દ્વાર ખુલ્લાં મુકાયાં. પછી ભેંસોની કતલ ચલાવીને શુદ્ધ ઘીના સ્થાને નુકસાનકારક વનસ્પતિ ઘી ઘુસાડી દેવામાં આવ્યું. ત્યાર પછી આવ્યું ગંધાતું બટર ઑઈલ અને ઘીમાં ભેળસેળ કરવા માટે વેપારીઓને મોકળું મેદાન મળી ગયું.

ખાસ ગરીબોના લાભ માટે બજારમાં મુકાયેલા વનસ્પતિ ઘીનો ઇતિહાસ આજની પ્રજા ભાગ્યે જ જાણતી હશે! સૌ પ્રથમ વનસ્પતિનું કારખાનું હોલૅન્ડમાં નાખવામાં આવ્યું. તેના કારણે ગળાના રોગો વધતાં ત્યાંના ડૉક્ટરોએ ઊંડી તપાસને અંતે તેને બંધ કરવાની સરકારને સલાહ આપી. તરત હોલૅન્ડની સરકારે

**જે પુસ્તકોનો આ લેખમાં ઉલ્લેખ છે તે નવા સંસ્કરણરૂપે વિનિયોગ પરિવારના કાર્યાલયમાં વેચાણ માટે ઉપલબ્ધ છે. કિંમત ૪ પુસ્તકો (કુલ પાના લગભગ ૯૦૦) ની ખૂબ જ રાહત દરે રૂા.૨૦૦/-, પોસ્ટેજ ખર્ચ અતિરિક્ત**

# વિનિયોગ સમાચાર

એ કારખાનું બંધ કરાવ્યું અને તે કારખાનું ભારતમાં લાવવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૫૨માં મળેલી ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીની મિટિંગ (અમદાવાદ)માં બે વિરુદ્ધ તમામ મત વડે ઠરાવ પસાર થયો કે ભારતમાંથી વનસ્પતિનું ઉત્પાદન, વેચાણ, આયાત અને નિકાસ સંપૂર્ણપણે તાત્કાલિક બંધ કરવા. આ ઠરાવનો વિરોધ કરનારી બે વ્યક્તિઓ હતી, જવાહરલાલ નહેરુ તથા અબુલકલામ આઝાદ.

ઠરાવ પસાર થયો, પણ નહેરુએ તેનો અમલ કરવાની ના પાડી દીધી. આજે ૪૬ વર્ષ સુધી એઆઈસીસીના એ ઠરાવનો અમલ કરવાની તો શું, તેની યાદ અપાવવાની પણ કોઈ બહાદુર કૉંગ્રેસીએ હિંમત કરી નથી.

'જે દેશ દર વર્ષે વનસ્પતિ ઉદ્યોગ ચલાવવા ખાતર પ્રજાને ૩૧ અબજ રૂપિયાનું નુકસાન કરે (જુઓ આંકડા, ભાગ ત્રીજો, પાનું ૫૪) અને દર વર્ષે આઠ અબજ રૂપિયાની પશુઓરૂપી મૂડીનું માત્ર વનસ્પતિ ઉદ્યોગ ચાલુ રાખવા માટે જ નિકંદન કાઢે તે દેશમાંથી કદીય ગરીબી હટે ખરી ?

મુસલમાનો હજીય એ ભ્રમમાં હોય કે ગોવધ પ્રતિબંધ નીતિ જોડે ફક્ત હિંદુઓને જ લાગેવળગે છે, તો તેઓ જાણી લે કે ૧૯૬૮-'૬૯માં ત્રણ કરોડ બાળકો આંધળાં હતાં. ગામડાંમાંથી ગાયો તેમ જ દૂધ (પોષણ) દૂર થતાં ફક્ત દસ વર્ષમાં બીજાં દોઢ કરોડ બાળકો આંધળાં બન્યાં હતાં. આજે (સિત્તેરના દશકમાં) આંધળાં બાળકોની સંખ્યા સાડા ચાર કરોડની થઈ છે. એટલે કે દર સો માણસોએ સાત બાળકો આંધળાં છે અને આ સાતમાંથી એક મુસલમાન છે.

'મુસ્લિમોને ગોવધની નીતિને કારણે હિંદુઓ જેટલું જ - કદાચ હિંદુઓ કરતાં વધુ નુકસાન થયું છે અને હજી થાય છે તે તેઓને સમજવામાં આવતું નથી. તેમને તો ધર્મના નામે અને ગોમાંસ ખાવાના અધિકારને નામે (જોકે આવો કોઈ અધિકાર કોઈ પણ ધર્મનો છે જ નહિ, હોઈ શકે પણ નહિ) ગોવધબંધીની હિંદુઓની માગણી સામે અગાઉ અંગ્રેજો ઉશ્કેરતા હતા અને હવે અંગ્રેજો કરતાં પણ ઘણી વધારે ઉગ્રતાથી સેક્યુલર છાપના હિંદુઓ ઉશ્કેરે છે અને એ રીતે ચૂંટણીમાં તેમના મત મેળવે છે.

દિલ્હી એટલે એક જમાનામાં દૂધ ઉત્પાદનનું મોટું કેન્દ્ર. તે મુંબઈને ભેંસો પૂરી પાડે, હરિયાણા કલકત્તાને ગાયો પૂરી પાડે અને હવે દિલ્હી તથા કલકત્તાને ગુજરાતમાંથી પાઉડરનું દૂધ આયાત કરવું પડતું હોય તો એનો અર્થ એ થયો કે હરિયાણાની ગાયોનું અને દિલ્હીની ભેંસોનું સંપૂર્ણ નિકંદન નીકળી ગયું છે.

ગાય, ભેંસોનું નિકંદન એટલે શુદ્ધ, સસ્તાં ઘી-દૂધ તથા છાણની અછત.

છાણની અછત થતાં ગામડાંના ચૂલાઓ માટે બળતણ (છાણા)ની અછત.

બળતણની અછત ઊભી થતાં વૃક્ષો કપાય અને જંગલોનું નિકંદન નીકળે.

જંગલો ન રહેતાં નદીઓ સુકાય અને પાણીની અછત. જેમ ડાકુઓ ટ્રેન લૂંટે તેમ દક્ષિણ ભારતમાં આજે પાણી માટે ટ્રેનો લૂંટાય છે. (ટાઇમ્સઃ એપ્રિલ-'૯૩).

મહાત્મા ગાંધીએ આઝાદ ભારતનું જે સ્વપ્ન જોયું હતું તે શું આ જ હતું ? 'તા. ૨૯ જાન્યુઆરી, ૧૯૪૮ની રાતે પ્રાર્થનાસભામાં તેઓ બોલ્યા કે નહેરુ પરદેશી રાજકારણના નિષ્ણાત છે, પરંતુ આ દેશના વડા પ્રધાનપદ માટે અયોગ્ય છે, પણ આ ભૂલ સમજાતાંની સાથે જ બીજે દિવસે તેમનું ખૂન થયું...'

'ગાંધીજી ઉપર સૌથી વધુ ઉપકાર કર્યો હોય તો પેલા ગોડસેએ, એમ નથી લાગતું ?'

વાસુભાઈ જે ગાંધીવાદી હતા, સ્વાતંત્ર્ય સેનાની અને ગોરક્ષક હતા, વૈદિક સંસ્કૃતિના ઉપાસક હતા તે પણ આજે આપણી વચ્ચે નથી. ગાંધીજી ઉપર ગોડસેએ ઉપકાર કર્યો તેમ વાસુભાઈ પર ઈશ્વરે કૃપા કરી હોય તો નવાઈ નહિ, નહિતર આજે ગ્લોબલાઇઝેશનના નામે વેચાઈ રહેલા ભારતનાં આંસુ જોઈ તે તરફડી તરફડીને મૃત્યુ પામ્યા હોત.

સર ટોમસ રો ઇંગ્લૅન્ડની સરકારના એલચી તરીકે શહેનશાહ જહાંગીરના દરબારમાં આવ્યો અને ભારતમાં વેપારી પેઢી ખોલવાના બહાને સુરતમાં ગઢ બાંધવાની પરવાનગી મેળવી. આજે ઇતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે.

કારગિલ નામની અમેરિકન કંપની ઇસ્ટ ઇન્ડિયા કંપની કરતાંય મોટી છે અને દુનિયાનાં બધાં બંદરોમાં અને બજારોમાં અબજો ડૉલરનો વેપાર કરે છે. કેટલાય દેશોની ખનીજ સંપત્તિ તથા ખેતી આ કંપનીએ લખાવી લીધી છે. ૨ જુલાઈ, ૧૯૯૨ના રોજ ભારતનો વારો આવ્યો. કચ્છમાં ખાડી પર આવેલા કંડલા બંદરના સામા કાંઠે એટલે પૂર્વ દિશાએ ૧૫,૦૦૦ એકર જમીનની તેણે મીઠું પકવવા માટે માગણી કરી અને વગર વિચાર્યે તે દરખાસ્ત ભારત સરકારે મંજૂર પણ કરી લીધી.

આ દેશ કોનો છે ? આપણે સુજલામ, સુફલામ ગાઈએ છીએ તે જમીન અને પાણી કોનાં છે ? આ જ મુદ્દાઓને લઈ જ્યોર્જ ફર્નાન્ડીઝે ગુજરાત હાઈ કોર્ટને દરમિયાન થવાની વિનંતી કરતી 'રિટ' કરી છે.

(સંદેશ સાપ્તાહિક પૂર્તિ, તા.૧૬-૫-'૯૩)

દેશ વેચવાની આ તો હજી શરૂઆત છે. આપણી જ ધરતી પર આપણા જ પશુધનની કતલ કરવાનો પરવાનો માંસાહારીઓની પ્રિય 'મેકડોનાલ્ડ' નામની જગપ્રસિદ્ધ અમેરિકન કંપનીને મળી ગયો છે. તેમની ખાસ વાનગીઓમાં હેમબર્ગર (ડુક્કરના માંસમાંથી), બિફ સેન્ડવીચ (ગાયના માંસમાંથી), ચિકન રોલ્સ (મરઘાંના માંસમાંથી) અને મટન બર્ગર (બકરાંના માંસમાંથી) જેવી આઇટમો છે.

આ માંસ મેળવવા માટે તેઓ પશુઉછેર કેન્દ્રો સ્થાપી, કાયદેસર પશુઓની કતલ કરી, ફાસ્ટ-ફૂડના રૂપાળા નામે ગામેગામ ઘૂસી જશે (જેમ કોકાકોલા ઘૂસી હતી) અને ત્યારે પણ આપણને આપણા કહેવાતા ગાંધીવાદીઓ તથા હિંદુત્વના ઉદ્ધારકોએ મસ્જિદ-મંદિરના કળણમાં ખૂંતાડી રાખ્યા હશે, કારણકે એ સર્વની ભલાઈ એમાં છે કે આપણું ધ્યાન બીજે કયાંય ન દોરાય, બલકે એવી ક્ષુલ્લક સમસ્યાઓમાં ઘેરાયેલું રહે કે છતી આંખે આપણે આપણી જ ભલાઈ જોઈ ન શકીએ. રજનીશ ખરું જ કહેતા હતા - આપણે અદ્ભુત આંધળા છીએ.

(સમાપ્ત)

- આબિદ સુરતી

(સાભાર : સંદેશ, તા.૧૭-૧૧-૧૯૯૩)